
રાજસ્થાન વિશેષ

# સમૃદ્ધ શાહી વારસો

**રાજા-રજવાડાંની ભૂમિ તરીકે ઓળખાતું રાજસ્થાન એની કળાત્મક હવેલી, અભેદ્ય કિલ્લા, ભવ્ય મહેલો, આસ્થાનાં પ્રતીક સમાં મંદિરો તથા નયનરમ્ય નજારા માટે પ્રખ્યાત છે. શૌર્ય અને વીરરસથી ભરપૂર એવા અહીંના પ્રત્યેક કિલ્લા અને મહેલ આ રંગીલા રાજ્યનો ઈતિહાસ વર્ણવે છે.**

નાનાં-નાનાં અનેક રાજપૂત રજવાડાંથી બનેલું જૂનું રાજપૂતાના આજે રાજસ્થાન અથવા લૅન્ડ ઑફ કિંગ્સ તરીકે ઓળખાય છે. ભાગવતપુરાણમાં વર્ણવ્યા મુજબ રાજપૂત શબ્દ એ સંસ્કૃત ભાષાના રાજા પુત્રનો અનુવાદ છે, જે અહીંની બહાદુર પ્રજાનું યોગ્ય વર્ણન કરે છે. અહીંનાં ત્રણ મહાન કુળની શૌર્યગાથા પ્રખ્યાત છેઃ સૂર્ય (સૂર્યવંશી), ચંદ્ર (ચંદ્રવંશી) અને અગ્નિ (અગ્નિકુળ), જેમણે સ્થાનિક મુખીઓ પાસેથી અહીંની ભૂમિનો કબજો મેળવ્યો હતો.

સોળમી સદીમાં મુગલોના સંપર્કમાં આવ્યા પછી અહીં એમની જીવનશૈલીનો પ્રભાવ દેખાવા લાગ્યો. રાજપૂતની આણવાળાં રાજ્યોમાં શાંતિ વ્યાપેલી રહેતી, જેના પરિણામે ત્યાંની પ્રજાએ ભવ્ય મહેલો, કળાત્મક હવેલી, રમણીય બાગ-બગીચા, જોતાં જ શિશ નમાવી દેવાનું મન થઈ જાય એવાં મંદિરો સહિતનાં ભવ્ય શાહી સર્જનના વ્યવસાયમાં નૈપુણ્ય મેળવ્યું, જે આજે રાજસ્થાનનો શાહી વારસો અને ત્યાંના સૌંદર્ય સાથે સંકળાયેલી વૈભવી શૈલી ને પરંપરાની એક ઓળખ બની ગઈ છે.



## સાંસ્કૃતિક સંપત્તિનું ગૌરવ

ભવ્ય ભૂતકાળ ધરાવતા વંશ તેમ જ પરંપરાનું અત્યંત કાળજીપૂર્વક સંરક્ષણ કરવું, રાજ્યની પ્રજામાં પોતાની સભ્યતા પ્રત્યે માન વધે તેમ જ દેશ-વિદેશમાં કીર્તિ ફેલાય એવાં બહાદુરી અને શૌર્યનાં કાર્યો કરવાં, સંસ્કૃતિનાં પ્રતીક સમાન કિલ્લા, મહેલો, હસ્તકળા, સ્થાપત્ય તથા ત્યાં વિકસેલાં વિજ્ઞાન અને શિક્ષણ, વગેરેની પ્રતિષ્ઠામાં સતત વધારો થાય એવા પ્રયાસોમાં રાજસ્થાનના શાસકોની વિશેષ રુચિ રહી છે. રાજસ્થાનના દરેક શાસકે પોતાની અજોડ દૃષ્ટિથી આ સંપત્તિ અને શાહી વારસામાં સતત વધારો કર્યો છે.

## ભવ્ય સ્થાનકો

વિશ્વનાં સૌથી વિશાળ ખાનગી નિવાસસ્થાનોમાંનો એક એવો જોધપુરનો અદ્‌ભુત ઉમેદ ભવન પેલેસ એ સમયના શાસક દ્વારા સર્જવામાં આવ્યો હતો. એ સમયે ભયંકર દુષ્કાળની સ્થિતિના પરિણામે પોતાની પ્રજાને રોજગાર આપવા માટે આ મહાલયનું નિર્માણ એ યોગ્ય પગલું હતું. આજે એ અંશતઃ જોધપુરના રાજઘરાણાનું ખાનગી નિવાસસ્થાન છે, પરંતુ હવે એ લોકો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. કોઈ પણ વિશેષણ જેને માટે ટૂંકું જ પડે એવા આ પેલેસમાં વૈભવી હોટેલ અને એક સંગ્રહાલય પણ છે, જે નોંધપાત્ર સાંસ્કૃતિક મૂલ્યની કળા તથા પૌરાણિક વસ્તુઓને સંગ્રહિત કરવામાં અને એનું સંરક્ષણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

બીજી તરફ, વીસમી સદીના આરંભમાં સરોવરના શહેર તરીકે પ્રખ્યાત



ઉદયપુરના પિછોલા તળાવના કિનારે બાંધવામાં આવેલો વિશાળ સિટી પેલેસ કૉમ્પ્લેક્સ એની સ્થાપત્યકળા તથા શાનદાર રાજવી પ્રદર્શન માટે નોંધપાત્ર ગણાય છે, જે આજે એક સંગ્રહાલય તરીકે કાર્યરત છે. વિશ્વના સૌથી સુંદર તરતા મહેલોમાંનો એક મહેલ આ તળાવમાં છે, જે હવે એક અગ્રણી હોટેલ ચેન દ્વારા આલીશાન હોટેલ તરીકે ચલાવવામાં આવે છે.

– તો જયપુરનું રત્ન જેવું બિરુદ મેળવી જનારો ભવ્ય રામ બાગ પેલેસ મહારાજા સવાઈ જયસિંહ દ્વિતીય અને મહારાણી ગાયત્રી દેવીનું ભૂતપૂર્વ



નિવાસસ્થાન હતું. એ અદ્‌ભુત મહેલ એના સુશોભિત લીલાછમ બાગ-બગીચા, ખૂબસૂરત સજાવટવાળા ઓરડા અને આકર્ષક સ્થાપત્ય માટે લોકપ્રિય છે, જે રાજ્યના સૌથી પ્રાચીન શાહી પરિવારોના શાહી વારસાનું ચિત્ર રજૂ કરે છે.

### લશ્કરી શક્તિ

એક તરફ જ્યાં રાજસ્થાનના ભવ્યાતિભવ્ય મહેલો તમને આ ભૂમિની રાજવી ભવ્યતા, એના વૈભવ અને શાહી જીવનશૈલીની ઝલક આપે છે તો બીજી તરફ અહીંના સો કરતાં પણ વધારે કિલ્લા એની લશ્કરી શક્તિ અને મહાન વીરતાની ગાથાનો મહિમા વર્ણવે છે, જેમ કે ચિતોડનો કિલ્લો. આ અભેદ્ય કિલ્લો મેવાડના શાસકોની પ્રથમ સંરક્ષણ-શ્રેણીનો એક ભાગ છે. આ એક અભૂતપૂર્વ કિલ્લો છે. આ સ્મારક એ સમયના રાજપૂતાના ગૌરવ, જુસ્સા અને બહાદુરીની ઓળખ છે. આ સ્મારકે દિલ્હીના સુલતાન અલ્લાઉદ્દીન ખીલજી અને મુગલ સમ્રાટ અકબર જેવા અનેક શક્તિશાળી દુશ્મનો સામે યુદ્ધ કરવા માટેનાં કેટલાંક અસાધારણ મિલિટરી મિશનમાં પાયાની ભૂમિકા ભજવી હતી.

ચિતોડના પતન પછી મેવાડના શાસકોની સંરક્ષણ માટેની સજ્જતા તરીકે સર્જાયો કુંભલગઢ ફોર્ટ, જે આજેય અડીખમ ઊભો છે. આ ગરવીલો ગઢ ભારતની પોતાની ચાઈના વૉલ તરીકે સુપ્રસિદ્ધ છે. અન્ય કિલ્લાની જેમ કુંભલગઢ પણ મહારાણા પ્રતાપનાં અનેક સાહસોનો સાક્ષી છે. ચિતોડ અને કુંભલગઢ બન્ને કિલ્લા લશ્કરી મથકો તરીકે પ્રસિદ્ધ છે, જ્યારે જેસલમેરનો સોનાર કિલ્લો આજની તારીખે પણ એક નિવાસી કિલ્લો છે. ઈસવી સન ૧૫૫૬માં રાવલ જેસલ દ્વારા બનાવવામાં આવેલી આ રણચોકી તે સમયે ગ્રેટ સિલ્ક રોડથી મધ્ય એશિયા તરફના માર્ગમાં આવેલી હતી. કિલ્લાની અંદર સમાવિષ્ટ રહેણાક વિસ્તાર અને જૈન મંદિરો એને એક પવિત્ર અને બિનસાંપ્રદાયિક (શહેરી) કિલ્લાઓનું એક મહત્ત્વપૂર્ણ (અને કેટલીક બાબતોમાં અનન્ય) ઉદાહરણ બનાવે છે. જેસલમેરમાં સુંદર, જૂની હવેલીઓમાં બાહ્ય ભાગોનું ઉત્કૃષ્ટ અને બારીક જાળીકામ અચૂક માણવા જેવું છે. પટવો કી હવેલી એનું એક ઉત્તમ ઉદાહરણ છે. ઋષભદેવનાં જૈન મંદિરોમાં જોવા મળતા પીળી રેતીના પથ્થરમાં અત્યંત કાળજીપૂર્વક, ઝીણવટથી કોતરવામાં આવેલી મૂર્તિકળા પણ નોંધપાત્ર છે.

ઝાલાવાડનો ગાગરોન કિલ્લો નદીથી સુરક્ષિત કિલ્લાના એક દાખલા તરીકે એના અનોખા લશ્કરી સ્થાપત્ય માટે જાણીતો છે. વળી, એ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટની સૂચિમાં સ્થાન પામ્યો છે. આ સિવાય આ સૂચિમાં કુંભલગઢ કિલ્લો, રણથંભોર કિલ્લો, આમેર કિલ્લો, ચિતોડગઢ કિલ્લો અને જેસલમેર કિલ્લો પણ સામેલ છે. આ બધા જ કિલ્લા સંસ્કૃતિનાં દર્શક અનન્ય શક્તિ કેન્દ્રો છે, જે રાજપૂતો દ્વારા પર્વતોની ટોચ પર બનાવવામાં આવેલા સુંદર અને સક્ષમ કિલ્લાનાં ઉદાહરણો છે.

આ ઉપરાંત, મનોહારી કળાકોતરણીથી શોભતો જોધપુરનો મેહરાનગઢ કિલ્લો દેશ-દુનિયાના ઈતિહાસપ્રેમી પ્રવાસીને આકર્ષે છે. એમને મોતીમહેલ અને શીશમહેલ જેવા મહેલોમાં અત્યંત ચોકસાઈથી થયેલું કોતરણીકામ અને સ્થાપત્ય માણવા મળે છે.

### શ્રદ્ધાધામ

રાજસ્થાન એ અનેક ઉત્કૃષ્ટ મંદિરો અને સમાધિસ્થળોની ભૂમિ છે, જે એની સ્થાપત્યની સુંદરતા અને શિલ્પવૈભવ માટે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે, જેમ કે રાણકપુરના મંત્રમુગ્ધ કરી દે એવા જૈન દેરાસર કૉમ્પ્લેક્સ. આની સર્જનકથા બડી રસપ્રદ છેઃ રાણા કુંભે પોતાના રાજ્યના એક આસ્થાળુ ધનાઢ્ય વેપારીને





એનાં આ મંદિર બનાવવાનાં સપનાંને સાકાર કરવા પોતાનો ટેકો આપ્યો હતો. એણે આ વિશાળ સંકુલ પર ચાર મંદિર, સુશોભિત સ્તંભથી શોભતા સભાખંડો અને ૮૦ ગુંબજ બંધાવ્યાં હતાં. આ ગુંબજ કોતરણી કરેલા ૧૪૪૪ આરસના થાંભલા પર ઊભા છે. દરેકની ડિઝાઈન નિરાળી.

રાજસ્થાનનું આવું જ એક સુંદર ધાર્મિક સ્થાપત્ય છે માઉન્ટ આબુ નજીક આવેલાં પાંચ દેલવાડા મંદિરો. આ મંદિરોમાંના વિમલ વસાહી અને લુણા વસાહીની એના ભવ્ય આરસકામ માટે જગતભરમાં ખૂબ પ્રશંસા કરવામાં આવી છે. અહીં કોતરવામાં આવેલી દરેક મુખાકૃતિમાં ચોકસાઈ અને સંભાળપૂર્વક કરેલી સુંદર વિગતો જોવા મળે છે.

સ્વર્ણનગરી તરીકે પ્રસિદ્ધ એવા જેસલમેર નજીક જૂના સિલ્ક રોડ પર આવેલું લોદરવા જૈન મંદિર પણ સ્થાપત્યની દૃષ્ટિએ એકદમ અનોખું છે. એના નગારાશૈલીના શિકારા અને પેગોડાશૈલીની ત્રાંસી દીવાલો પર હિંદુ અને ચાઈનીસ બન્ને પ્રભાવોનાં મિશ્રણ દેખાઈ આવે છે. આ મંદિરો ધાર્મિક વારસાની સાથે સાથે સ્થાપત્યનો સુંદર સમન્વય દર્શાવે છે.

### શાહી વ્યવસાયો

અહીંના અસ્સલ, થનગનતા મારવાડી અશ્વથી ભરેલા તબેલા, જાતજાતનાં પૌરાણિક શસ્ત્રો, વિન્ટેજ મોટરકાર, ચિત્રો, શિલ્પો, આભૂષણો અને પોશાકોથી છલકાતાં સંગ્રહાલયો, દુનિયામાં ક્યાંય જોવા ન મળે એવો ક્રિસ્ટલનો એકમાત્ર સૌથી મોટો ખાનગી સંગ્રહ જેવાં અનેક આકર્ષણ પ્રવાસીઓને રાજસ્થાનના શાહી વારસાનાં સૌથી ભવ્ય પાસાંને માણવાની તક આપે છે. અહીં સાંપ્રદાયિક અને બિનસાંપ્રદાયિક એવા બધા જ તહેવારો ઠાઠમાઠથી ઊજવવામાં આવે છે, જે અહીંની સાંસ્કૃતિક, ધાર્મિક પરંપરાઓનું એક ઉત્તમ ઉદાહરણ છે ગણગૌર ઉત્સવની ભવ્ય શોભાયાત્રા. આ શોભાયાત્રા પરંપરાગત રીતે ઉદયપુરમાં પાણી પર અને જયપુરની ગલીઓમાં નીકળે છે.

રાજસ્થાનનાં વિવિધ રાજઘરાણાંએ ત્યાંની સંસ્કૃતિ વિકસાવવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે, પછી એ સંગીત-નૃત્ય હોય કે કઠપૂતળીનો ખેલ હોય, તેઓ એ સુનિશ્ચિત કરે છે કે આ કીમતી સાંસ્કૃતિક વારસો ત્યાંના લોકો તેમ જ વૈશ્વિક ફલક પર વિશાળ સમૂહ દ્વારા માણવામાં આવે તેમ જ આજે દાયકાઓ બાદ પણ ત્યાંનો જીવંત વારસો બની રહે.

આથી જ રાજકુટુંબના સમર્થનથી સુવર્ણકારો, મુદ્રકો, રંગારા, કુંભાર, બારીક નકશીકામ કરનારા કારીગરો, કપાસ અને રેશમના વણકર, વગેરે જેવા અનેક કલાકાર-કસબીઓને પ્રોત્સાહન મળતાં રહે છે. કળાકૃતિઓનાં સર્જન માટે પણ અહીં ભારે પ્રોત્સાહન મળે છે. કળા અને સાહિત્યને આમ સમર્થન મળતાં હોવાથી જ રાજસ્થાની સંસ્કૃતિનાં મહત્ત્વપૂર્ણ પાસાં આજે પણ ત્યાંના લોકોને એક વિશિષ્ટ ઓળખ પૂરી પાડે છે. કળાની વિવિધ શૈલીઓથી લઈને ખગોળશાસ્ત્ર અને વિજ્ઞાનના સમન્વય સમા જંતરમંતર જેવી યુનેસ્કો પ્રમાણિત વર્લ્ડ હેરિટેજ સાઈટ આ ભૂમિ પર છે. સુપ્રસિદ્ધ અને સુંદર આયોજનવાળું રાજ્યનું પાટનગર જયપુર શહેર પણ યુનેસ્કોની બીજી વર્લ્ડ હેરિટેજ સાઈટ છે, જેનું નિર્માણ પ્રાચીન વૈદિક સિદ્ધાંત પર આધારિત છે. જીવનમાં એક વખત આ રંગીલી અને કળાથી છલકતી સભ્યતાને માણવી તો જોઈએ જ! ◻